Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# "મૂંઝારો' માં નિરૂપિત દલિત શોષણની વાર્તાઓ.

Dr. Varsha C. Bhahmbhatt*

સદીઓથી ઘર કરી ગયેલ વર્ણવ્યવસ્થાને કારણે. શુદ્રોનું સામાજિક અધ: પતન થતું રહ્યું. સમાજના આ ચોક્કસ વર્ગને અવિકસિત રાખવાના તમામ પ્રયત્નો સમાજના કહેવાતા ઉચ્ચવર્ગ તરફથી થતાં રહ્યા છે. આ વર્ગ સતત દબાયેલો કચડાયેલો અને શોષિત રહ્યો. સતત ઉપેક્ષાનો સામનો કરતો આ વર્ગ ઢોરથી પણ બદતર જીવાન જીવીને ગરીબી, ભૂખમરો અને શોષણનો શિકાર થતો રહ્યો.

ગાંધીજીના સતત પ્રયત્નો અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા અપવાદરૂપ દલિત આગેવાનોના પ્રયત્નોને કારણે આ વર્ગ "હરિજન' અને ત્યારબાદ "દલિત' તરીકે ઓળખવામાં આવ્યો. આઝાદીના ૬૮ વર્ષ બાદ પણ દલિત સમાજ Main Stream એટલે કે મુખ્ય પ્રવાહમાં પા પા પગલી માંડી રહ્યો છે.

દલિત વાર્તાકાર દલપત ચૌહાણનો "મુંઝારો' વાર્તાસંગ્રહ કેટલાય અમાનવીય અત્યાચારો વિરુદ્ધ ઉઠેલો એક ચિત્કાર હોય એમ અનુભવાય છે.

“મૂંઝારો” એટલે દલપત ચૌહાણનો દલિતોના શોષણ, વ્યથા, અસમાનતા દલિતોના આશા - આરમાનો જેવા વિષયવસ્તુને ઊંડાણથી સ્પર્શતો વાર્તાસંગ્રહ

“મૂંઝારો” માં પોતે અડોઅડ જોયેલા પાત્રોની મનોવ્યથાને વ્યક્ત કરવાનો એક સફળ પ્રયાસ. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં "બદલો', “દરબાર”, "કાતોર', "એરુંઝાંઝરું”, "ગંગામા”, "ચાંલ્લો', "ઠંડુ લોહી', "ભૂખ', "ના ખપે', "ન્યાય' અને "મુંઝારો' જેવી ૧૮ વાર્તાઓ મળે છે.

દલિત વાર્તાની ઓળખને ઇંગિત કરનારા પરિબળોને તારવતા મોહન પરમાર કહે છે

- જેમાં દલિત પરિવેશ
- વિષયવસ્તુ લેખે દલિતોની મૂળભૂત સમસ્યાઓનું નિરૂપણ
- દલિત પાત્રોના વાણી-વર્તન અને તેની રીતભાત.
- દલિત સંવેદન અને સમગ્ર જ્ઞાતિનો અર્થસંદર્ભ

આ ચાર મહત્વના પરિબળોને આધારે વાર્તાને મૌલવી શકાય.

સંગ્રહની પ્રથમ વાર્તા "બદલો' માં ઉપકારનો બદલો અપકાર જેવુ વિષયવસ્તુ નિરૂપાયું છે. "વાસ' તરીકે ઓળખાતા મહોલ્લામાં દસ-બાર કાચા માટીના ઘરોમાં વણકર, ચમારની વસ્તીમાં રહેતો બિમાર, દલિત ગોકળની અપાર મનોવેદના છપ્પનીયા દુષ્કાળ જેવા કાળમાં બચાવવા "કાંકીણિયો' આપીને જેણે જીવન બચાવ્યું હતું તેવા સવર્ણના હાથે જ માર અને અપમાનનો "બદલો' પામતાં ગોકળની અસહાયતા નિરૂપિ છે. વજેસંગ બિમાર ગોકળને એના નીચાપણાનું ભાન કરાવવા ફટકારે છે. દલિત વેદના-સંવેદનાને પ્રસ્તુત કરતી આ વાર્તા ખરેખર દલિતો સાથે થતાં અમાનવીય વ્યવહારને પ્રસ્તુત કરે છે.

---

*Dr. Varsha C. Bhahmbhatt, Associate Professor, Maniben M.P.Shah Mahila Arts College, Kadi

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

સંગ્રહની બીજી વાર્તા "દરબાર' સ્વગતોક્તિના સૂરમાં લખાઈ છે. એક દલિત શિક્ષક ગામના જબરા માણસને મોટા માને ચઢાવી "દરબાર' સંબોધન કરી કેવી રીતે વશ કરે છે તેની વાત છે. સમાજવ્યવસ્થામાં દલિતોનું સ્થાન અને દલિતો પ્રત્યેનો છુપો અણગમો તેમજ દલિતોના વ્યક્તિ સ્વાતંત્ર્યનો અસ્વીકાર વાર્તાકારે સફળતાપૂર્વક વ્યક્ત કર્યો છે.

"રોટલો' વાર્તામાં અંધવિશ્વાસ અને અંધશ્રદ્ધામાં જીવતા ગરીબ, અભણ દલિતોનું ભૂવાઓ દ્વારા થતું શોષણ નિરૂપાયું છે. બિમાર મા ની રોટલો ખાવાની તીવ્ર ઈચ્છા તેની સામે એ જ રોટલો ડોશીને જીવંત રાખવા બાધા સ્વરૂપે એની ઉપરથી ઉતારીને કુતરાઓને નાખવામાં આવે છે. ડોસી પોતે રોટલો ખાવા તલસે છે. રોટલાના ટુકડા માટે ઝઘડતા કુતરાઓના અવાજ વચ્ચે મૃત્યુ પામતી ડોસી કરુણા જન્માવે છે. પ્રસ્તુત વાર્તામાં દલિતવર્ગની ગરીબી અને સાથે સાથે અંધશ્રદ્ધાની વાસ્તવિક પરિસ્થિતી આલેખાઈ છે.

"મુંઝારો' એટલે " ઘર ' વાર્તામાં પાકા મકાનમાં જીવવાની આશા સાથે જીવતા કાળું અને પનીની મહેનતથી અને અગાઉથી અનેક શરતો સાથે મંજૂર કરાવેલ મકાનને સવર્ણો દ્વારા સળગાવી દેતા એમાંથી ઊડેલી જ્વાળાઓ અને એ જ્વાળાઓની સાથે ઉડતા કાળુ-પની જેવા દલિતના નિ:સાસાઓ.

"મુંજારો' એટલે "કાતોર'માં આભડછેટનો શિકાર બનતો કચરો અને ગરમ ગરમ કોંકણિયોથી દાઝતા એના હાથ, કચરાએ લાવેલ કાતારથી જ શક્ય બનતા રાવણામાં આભડછેટ રાખી તેની હથેળીમાં દૂરથી જ કોંકણિયો પિરસાય છે. આવી અપમાનજનક સ્થિતિએ કચરાની વેદનાને વ્યક્ત કરતું એક સફળ સર્જન છે. આમ, અપમાન અને આભડછેટના કડવા કડવા ઘૂંટડા પીતાં દલિતવર્ગની દયનીય પરિસ્થિતિને નિરૂપી છે.

"એરું ઝાંઝરું' વાર્તા "મુંઝારો'ને અભિવ્યક્ત કરવાની ચરમસીમા છે. સવર્ણ સમાજની સ્વાર્થી નીતિ રીતિઓને પ્રગટ કરે છે. કૂવામાં પડી ગયેલ ગાયને બહાર કાઢવા કરગરતો મોહન દલિત એવી વિરાના દીકરા શિવલાને તેડી લે છે. વીરો પોતાના જાનના જોખમે ગાય બહાર કાઢે છે. એ જ મોહન જ્યારે વિરાના દીકરા શિવલાને એરું આભડે છે ત્યારે મોહન રબારીને ડંખનું ઝેર આભડે છે ત્યારે મોહન રબારીને ડંખનું ઝેર ચૂસવામાં આભડછેટ નડે છે. શીવલો મૃત્યુ પામે છે ત્યારે વીરો થૂંકીને ગુસ્સો વ્યક્ત કર્યા સિવાય કંઈ કરી શકતો નથી. શું દલિતોના જીવની કિંમત પશુ જેટલીયે નથી? કહેવાતા સવર્ણ સમાજની માનસિકતા અને દલિત સમાજની અસમર્થતા સર્જકે બખૂબી રજૂ કરી છે.

એમની જરૂરે બોલાવે
તો યે "દલિત' હોવાનો અહેસાસ કરાવે,
ઉપકાર ઉપર અપકાર કરે
કયા ભવનું એ વેર વાળે'

સવર્ણ એવા રાયસંગ મુખીની પુત્રવધુને સુવાવડ કરાવવા, અસ્પૃશ્યતા અને આભડછેટના પગલાઓ વચ્ચે દાયણ ગંગામાં તેની સુવાવડ કરાવે છે. દલિત ગંગામાથી ચોક્કસ અંતર અને આભડછેટ રાખનાર મુખીનો છોકરો પથુ દલિત ગંગામાંના છોકરા પસાની વહુની લાજ લૂંટે છે. ત્યારે આભડછેટ નડતી નથી. દીકરાની વહુના મડદા પાસે બેઠેલા ગંગામા દુ:ખી થઈ પોંકારી ઊઠે છે કે

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

"ચીયા ભવનું વેર વાળ્યું ભાયના દિયોરે' આપત્તિ સમયે દલિતવર્ગ પાસેથી પૂરેપુરી મદદ લઈ લીધા બાદ આભડછેટનું ભૂત તો ધૂણ્યા જ કરે છે આવી સવર્ણોની માનસિકતા પ્રસ્તુત વાર્તામાં વ્યક્ત થઈ છે.

"ચાંલ્લો' એક એવી વાર્તા છે જેમાં જૂની પીડાને વર્ષો જીવાઈ છે. જુવાનિયા ઉત્સાહમાં કરેલી કહેવાતી "ભૂલ'ની અનેકગણી સજા એની પીડાની શૂળ સાથે વણાઈ છે "ચાંલ્લા'માં દબાતો એ ડાઘ જાણે એક અપરાધ હોય તેમ અનુભવતું શિવા પંઞ્યાનું પાત્ર "ચાંલ્લો' નઇ કરું નઇ કરું એમ બોલીને "ચાંલ્લા' નીચે દબાતા ઘા નો "મુંઝારો' વ્યક્ત કરે છે લેખક સવર્ણ સમાજની જો હુકમી અને નાની સરખી ભૂલની સજા આપવાની સવર્ણોની વૃત્તિ નિરૂપે છે.

"ઠંડુ લોહી' વાર્તામાં દલિતવર્ગનો છોકરો ભણી-ગણીને મોટો ડોક્ટર થાય છે. તેમ છતાં સવર્ણ વર્ગના મનમાંથી આભડછેટ અને નાત-જાતના ભેદભાવ જતા નથી. લોહીની જરૂર પડતાં ડૉ.દેવેન્દ્રનું લોહી લેવાની ના નથી પાડતા પણ જ્યારે ડોક્ટર પીવાનું પાણી ધરે છે ત્યારે મુખી "તરહ નહીં, તરહ નહીં" કરીને નકારી દે છે.'

સમાજના આવા દંભીપણાને લેખકે વાત કરીને "અસ્પૃશ્યતા" ના સામાજિક રોગની વાત કરી છે.

"હડકાયું કૂતરું' વાર્તામાં દલિતવર્ગનો અભણ પરિવાર કે જે કૂતરું કરડવા જેવી ઘટનાને સામાન્ય ગણી છીંકણી ભરીને તાંબાનો પૈસો મૂકીને પાટો બાંધવાથી સારું થઈ જાય તેવું માને છે છ-સાત મહિને છોકરાનું હડકવાથી મૃત્યુ થાય છે. કૂતરું કરડવાની ઘટના સામાન્ય ન ગણી શકાય. યોગ્ય દાક્તરી સારવાર જરૂરી તે અંગેની સામાજિક જાગૃતિ આણવાનો વાર્તાકારનો પ્રયાસ છે.

"ભૂખ' વાર્તામાં દલિત મજૂર પ્રતિષ્ઠિત સવર્ણોના સમાજમાં સૂની પરબ હોવા છતાં અને ખૂબ તરસ લાગી હોવા છતાં દલિત જાણે આભડછેટના ભયથી પાણી પી શકતો નથી. વાર્તાને અંતે રતનફઈની સાસુનું વર્તન તેમજ "વેઠીયા અને કુતરા બધા સરખા" જેવા વેણ વાર્તાનાયકના હૈયાસોંસરવા ઉતારી જાય છે. દલિતની આવી વેદના-સંવેદનાને વાર્તાકારે અસરકારક રીતે નિરૂપી છે

"ના ખપે' વાર્તામાં દલિતવર્ગનો ભણી-ગણીને સારી નોકરી મેળવીને આર્થિક રીતે સંપન્ન થયેલા વાર્તાનાયકમાં સ્વાભિમાનની ભાવના જાગૃત થયેલી જોવા મળે છે. વાર્તાનાયક કારીગર ડાહ્યાને મફત કામ કરે તો પણ પોતાનું ઘર બનાવવાનું કામ આપવા માંગતો નથી. કેમ કે "ડાહ્યા તપોધનને' દલિતની ચા ન ખપે ત્યારે ખિન્ન વાર્તાનાયક - "જાને દિયોર તારી છાશ અમને ના ખપે' એવું સ્પષ્ટ કહી દે છે.

અહી દલિતવર્ગમાં આવેલ આત્મવિશ્વાસ અને આત્મસન્માનની ભાવના છલકતી જોવા મળે છે.

* સંદર્ભ ગ્રંથસૂચિ

૧. "મુંઝારો' પ્રથમ આવૃત્તિ - ૨૦૦૨
દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન અમદાવાદ - ૭

૨. ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા પ્રથમ આવૃત્તિ - ૨૦૦૧, સંપાદકો: મોહન પરમાર, હરીશ મંગલમ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ - ૯

૩. ગુજરાતી દલિત વાર્તા અધતન આવૃત્તિ - ૨૦૧૩ સંપાદન : મોહન પરમાર, હરીશ મંગલમ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ૦